# સમરૂની બાઈ અને ઈસુ

*બાળકો હંમેશા સાક્ષી આપવા તત્પર રહે તેવું તેમને શિખવો.*

બાળકોની જરૂરિયાત અનેરસમ મુજબની શૈક્ષણિક પ્રવૃત્તિઓ પસંદ કરો.

**સમરૂની સ્ત્રી**

યો.૪:૪-૪૨ માંથી કોઈ **મોટો બાળક અથવા શિક્ષક** સમરૂની સ્ત્રીની વાર્તા વાંચે અથવા સમજાવે કે પ્રભુ ઈસુ જેઓને મળતા હતા તે દરેક વ્યક્તિને દેવનો પ્રેમ, માફી અને અનંતજીવન વિષે જણાવવાને હંમેશા તૈયાર રહેતા હતા.



*જો સુગમતા હોય તો બાળકોને આ ચિત્રની કોપી કરવા અથવા રંગ પૂરવાનું કહો.*

વાર્તા કહી રહ્યા પછી આ **પ્રશ્નો** પૂછો. જવાબો સાથે આપેલા છે.

- પ્રભુ ઈસુ કૂવા પાસે શું કરતા હતા ?(૬)
- જ્યારે ઈસુએ તેની પાસે પાણી માંગ્યું ત્યારે સમરૂની સ્ત્રીને આશ્ચર્ય કેમ થયું ? (૯)
- ઈસુએ તે સ્ત્રીને ક્યું પાણી આપવાનું વચન આપ્યું ?(૧૪)
- શું કોઈ ખાસ જગા છે જ્યાં લોકોએ ભજન કરવું જોઈએ ? (કમલ ૨૧,૨૪)
- પોતે કોણ છે તે વિષે ઈસુએ શું કહ્યું ? (૨૬)
- જ્યારે ઈસુએ કહ્યું કે ખેતરો ફસલને માટે પાકી ચૂક્યા છે તો તેનો શો અર્થ છે ? (જવાબ-ઘણાં લોકો સુવાર્તા પર વિશ્વાસ કરવા તૈયાર છે પણ આપણે પ્રથમ તેમને સુવાર્તા આપવી જોઈએ)

આ વાર્તાના અમુક ભાગોનું **નાટક બનાવો**. આ સંક્ષિપ્ત નાટક સભામાં રજુ કરવા માટે ભજનસેવાના આગેવાનની રજા લો. બાળકો સાથે આ નાટક તૈયાર કરવા માટે સમય ગાળો. તમારે બધા ભાગો ભજવવા જરૂરી નથી.

- **મોટા બાળકો** અથવા સભાજનો આ પાત્રો ભજવે.

  **વણર્ન કરનાર** કે જે વાર્તાનું સંક્ષેપીકરણ કરે અને બાળકોને સંવાદો શિખવે.

  **ઈસુ** એવી વસ્તુની પાસે બેસે જેને કૂવા તરીકે દર્શાવી શકાય.

  **સમરૂની સ્ત્રી** કે જે માથા પર ઘડો રાખે (જગ)

  નાના બાળકો :

  શિષ્યો (તેમના હાથમાં ખોરાક હોય) અને

  **સમરૂનીઓના પાત્રો** ભજવે.

**પ્રભુ ઈસુ** : કૂવા પાસે બેસે.

**વર્ણન કરનાર** : વાર્તાનો પ્રથમ ભાગ યો.૪:૧-૨૬ ઉપરથી કહે. પછી બોલે, સાંભળો, શિષ્યો શું કહે છે.

**શિષ્યો** : ઈસુજી, તમે થાકેલા છો. આપણે ઘણે દૂરથી આવ્યા છીએ. તમે અહીં કૂવા પાસે બેસીને આરામ કરો. અમે સમરૂનીઓના ગામમાં જઈને ખાવાનું લઈ આવીએ છીએ.

**સમરૂની સ્ત્રી** : જગ માથે લઈને ઈસની પાસે આવે છે.

**ઈસુ** : બાઈ, મને પાણી આપ.

**સમરૂની સ્ત્રી** : અચંબો પામે. કહે, 'તમે યહુદી છો. તમે મારી પાસે પાણી કેમ માંગો છો ?'

**ઈસુ** : હું તને જીવતું પાણી આપીશ જેથી તને ફરી કદી તરસ લાગશે નહી. સમરૂની સ્ત્રી નવાઈ પામે છે - 'તમે તેવું કેવીરીતે કરી શકો ?'

**ઈસુ** : હું મસીહ છું, દેવનો પસંદ કરાયેલો.

**વર્ણન કરનાર** : વાર્તાનો બીજો ભાગ યો. ૪:૨૭-૩૮ મુજબ કહે પછી બોલે, શિષ્યો શું કહે છે તે સાંભળો.

**શિષ્યો** : જૂઓ! ઈસુજી પાસે પેલી સ્ત્રી કોણ છે ? તે પોતાનું વાસણ ત્યાં મૂકીને પાછી ગામમાં જાય છે. તે આવેશમાં લાગે છે. ઈસુજી અહીં આવીને જમો.

**ઈસુ** : મારી પાસે જુદા પ્રકારનો ખોરાક છે. મારો ખોરાક તો લોકોને દેવની ઓળખ કરાવવાનો છે. લોકોને સુવાર્તા આપવા માટે હંમેશા તૈયાર રહો.


**વર્ણન કરનાર** : વાર્તાનો ત્રીજો ભાગ યો.૪:૩૯-૪૨ ઉપરથી કહે પછી બોલે, સમરૂની સ્ત્રી શું બોલે છે તે સાંભળો.

**સમરૂની સ્ત્રી** : પાસે ઉભેલા સમરૂનીઓને કહે, ''આવો આ માણસને જૂઓ. મેં જે જે કર્યું છે તે બધું તેણે કહી દેખાડ્યું છે. તે દેવનો પસંદ કરેલો નથી શું ?'

**સમરૂનીઓ** : આવો આપણે તે માણસને જોઈએ. આપણે તેના ઉપર વિશ્વાસ પણ કરીશું.

**વર્ણન કરનાર** : નાટકમાં ભાગ લેનાર સર્વનો આભાર માને.

બાળકોએ જો આ નાટક મોટાઓ માટે કર્યું હોય તો તેમને ઉપરના પ્રશ્નો પણ પૂછવા દો વર્ણન કરનાર આ પણ પૂછી શકે 'જ્યારે આપણે ધાર્યું ન હોય ત્યારે લોકોએ ઈસુનો અંગીકાર કર્યો હોય તેવા બીજા દાખલા આપો.' લોકોને દાખલા આપવા દો.



**એક કૂવાનું ચિત્ર દોરો**. બાળકો તેની કોપી કરે. તેઓ પછીની ભજનસેવા વખતે આ ચિત્રો સભામાં બતાવે અને તે વિષે સમજાવે કે દેવ જે જીવતું પાણી દરેકને આપવા માંગે છે તે મેળવવા જે રાજી હોય તેમને આ સુસમાચાર આપવા આપણે હંમેશા તૈયાર રહેવું જોઈએ.

કોલો.૪:૩ બધા **મુખપાઠ કરો.**

ચાર બાળકો ગી.શા. ૧૯:૧-૪ એક એક બોલે.

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, અમે આભારી છીએ કારણકે અમે જ્યાં હોઈએ ત્યાં અમે તમારૂં ભજન કરી શકીએ છીએ. તમે દરેક ભાષાના અને સંસ્કૃતિના લોકો ઉપર પ્રેમ કરો છો. તમે અમને આખા જગતના લોકો પાસે સુવાર્તા પ્રગટ કરવા મોકલ્યા છે માટે અમે તમારો આભાર માનીએ છીએ. અમારી આસપાસના લોકો તમારી સુવાર્તાનો અંગીકાર કરવા તૈયાર છો.તે વાત યાદ રાખવામાં અમારી સહાય કરો. તેમને સુવાર્તા આપવામાં અમને વિશ્વાસુ બનવામાં સહાય કરો

Copyright @ 2004 by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.